PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૬/કવા–૦૩/૧૭–૧૮/ 10517 તા. 19-12-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
બાબુલાલ શંભુભાઈ પારખીયા,
– પ્રશાંત– દોશી હોસ્પીટલ ની પાછળ
ગુણાતીતનગર ની સામે
માલવીયા નગર –૧ નો ખૂણો
રાજકોટ
મો: ૯૯૭૮૮ ૧૩૧૨૩

વિષય :–ખેતીવાડી માટે સ્વતંત્ર ટીસી મેળવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૬/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૬/ક્વા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૦૫–૧૨–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: બાબુલાલ શંભુભાઈ પારખીયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી બાબુલાલ શંભુભાઈ પારખીયા હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા – કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

ફરીયાદ : ખેતીવાડી માટે સ્વતંત્ર ટીસી મેળવવા બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અન્ને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ માંડણકુંડલા ગામ ખાતે ગ્રાહક નં.૩૩૧૩૩/૦૧૦૪૫/૦ થી ૭.૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. તેઓ જણાવે છે કે તેઓનુ સદર જોડાણ કોમન ટીસી આવેલ છે. ખરેખર કુપની એ જે તે સમયે તેઓને ડી–કેટેગરી હેઠળ ક્વોટેશન આપેલ છે. ત્યારે દરેક જગ્યાએ અલગ–ટીસી નો નિયમ હતો– અને આજેપણ છે. આમ, તેઓને ક્વોટેશન મુજબ અને નિયમાધીન રીતે ટ્રાન્સફોર્મર અપાયેલ નથી. આમ, તેઓ પોતાના સદર જોડાણ માટે સ્વતંત્ર ટ્રાન્સફોર્મર ની માંગણી કરે છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, શ્રી બાબુલાલ શંભુભાઈ પારખીયા દ્વારા તા.૧૭–૦૧–૨૦૦૭ ના રોજ ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ માટે અરજી કરેલ હતી. જે અન્વયે અરજી ના અગ્રતાક્રમ મુજબ – પીજીવીસીએલ ની સબંઘક કચેરી ના પત્ર નં. ૬૫૮૨ તા.૨૭–૦૩–૧૫ ના રોજ પાઠવવામા આવેલ હતુ. જે અરજદાર દ્વારા ભરપાઈ કરાતા – પીજીવીસીએલ દ્વારા સદર નવા ખેતીવાડી વીજજોડાણ માટે – સર્વે મુજબ જરૂરી એચ.વી.ડી.એસ. મુજબ વીજમાળખુ ઉભુ કરી વીજ જોડાણ આપેલ અન્ને અન્ય ૦૩ વીજ જોડાણ ને પણ સદર ઉભા કરેલ ટ્રાન્સફોર્મર માથી વીજ જોડાણ આપવામા આવેલ – જે સદર વીજ જોડાણો નુ કામ તાંત્રીક અને નાણાકીય રીતે યોગ્ય છે. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે , બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંઘાને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે જણાવ્યા મુજબ – અરજદાર ને આપવામા આવેલ નવુ ખેતીવાડી વીજજોડાણ એચ.વી.ડી.એસ. મુજબ તેઓના વીજસ્થાપન ની નજીક ટ્રાન્સફોર્મર ઉભુ કરી આપવામા આવેલ છે. તે ઉપરાંત અન્ય ૦૩ વીજ જોડાણ ને પણ સદર ઉભા કરેલ ટ્રાન્સફોર્મર માથી વીજ જોડાણ આપવામા આવેલ છે. જે સદર વીજ જોડાણો નુ કામ તાંત્રીક અને નાણાકીય રીતે યોગ્ય હોવા બાબતે નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.